હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કેશલેસ કરવા જેવું મારી પાસે કાંઈ નતું... પણ મોદીજીને સાથ આપવા મારા એકના એક ટીનીયાને કેશલેસ કરી દીધો...

પંચાયતના તાલિમ વર્ગમાં કોંગી આગેવાનોની હાજરીને લઈ વિવાદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૩૦મીને સોમવારે પંચાયતી રાજના પદાધિકારીઓના યોજાયેલ તાલિમ કાર્યક્રમમાં કોંગ્રેસી આગેવાનોને વધુ સ્થાન આપવામાં આવતાં વિવાદ ઉભો થવા પામ્યો છે.

આ તાલિમ કાર્યક્રમમાં ધારાસભ્યો બળદેવજી ઠાકોર, કામિનીબા રાઠોડ, અશોકભાઈ પટેલ, અમીતભાઈ ચૌધરી ઉપરાંત પૂર્વ ધારાસભ્યો સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોરને આમંત્રિત મહાનુભાવ તરીકે અતિથિ વિશેષ તરીકે પૂર્વસાંસદ જગદીશ ઠાકોર, યુવક કોંગ્રેસના પૂર્વપ્રદેશ પ્રમુખ ઈન્દ્ર વિજયસિંહ ગોહિલ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીને બોલાવામાં આવ્યા હોવાથી આ વિવાદ ઉભો થવા પામ્યો છે.

પંચાયતોમાં કોઈ પક્ષ હોતો નથી ત્યારે કોઈ એક જ પક્ષના મહાનુભાવોને વધુ સ્થાન આપવાના મુદ્દે વિવાદ ઉભો થવા પામ્યો છે. જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનાર આ તાલિમ શિબિરમાં સમરસ પંચાયતો બનનાર સમરસ ગ્રામ પંચાયતના સરપંચોનું પણ વિશેષ સન્માન કરવામાં આવનાર છે.

જિલ્લા પંચાયત દ્વારા યોજવામાં આવેલ સન્માન સમારોહ અને તાલિમ શિબિરને લઈ જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચણભણાટ શરૂ થઈ ગયો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પરિસરમાં ૨૬મીએ યોજાયેલ ધ્વજવંદન સમારોહમાં સુંદર રંગારંગ કાર્યક્રમ રજુ કરનાર નવ શાળાના બાળકોને રૂ. ૨૧ હજારનું વિશેષ ઈનામ પંચાયતની કોંગીની ચૂંટાયેલી પાંખ દ્વારા આપવાની જાહેરાત પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે કરી હતી. આ પ્રસંગે બાળકોને શિક્ષણ સમિતિ દ્વારા એક ખાસ શૈક્ષણિક કીટ પણ એનાયત કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે રાજય રાવળ યોગી યુવા સંગઠનની મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજય રાવળ યોગી યુવા સંગઠનની ગાંધીનગર ખાતે ૨૬મીને ગુરુવારના રોજ બપોરે ૧૨ થી ૩ દરમિયાન મિટીંગ યોજાઈ હતી. રાવળ દેવ સમાજના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસના તથા સંગઠનની બહાલીના ઉપક્રમે બાબા સાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાત આ જાહેર બેઠકનું આયોજન થયું હતું. મનુભાઈ રાવળ ઉવારસદવાળા પ્રમુખસ્થાને રહી ગુજરાતના ખુણે ખુણેથી રાવળદેવ સમાજના આગેવાન તથા નવયુવાન મિત્રોને આવકાર્યા હતા. આ ભગીરથ પ્રયાસને વાચા આપવા તથા ગુજરાતમાં રાવળદેવ સમાજના વિકાસ માટે ચર્ચા વિચારણા કરી સરકારમાં રજુઆતો કરવાનો સંગઠને નિર્ણય લીધો હતો તેમજ સંગઠનના સ્થાપક મનુભાઈ જે. રાવળ ઉવારસદવાળાને સર્વ સંમતિથી પ્રમુખ જાહેર કરવામાં આવ્યા હતા અને આ સંગઠનનું ટૂકું નામ જી.આર.આર.વાય.એસ. તરીકે ઓળખ આપી હતી. આ સભાનું સંચાલન ગોપાલભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

૨૬મી જાન્યુઆરીએ જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં આરોગ્ય તંત્ર દ્વારા રજુ થયેલ ટેબ્લોને પ્રથમ ઈનામ એનાયત થયુ હતુ. ટેબ્લોની તસવીર.

દ્રષ્ટીહીન જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ કરવા મહામંડળની અપીલ

બોર્ડ પરીક્ષા સહીત સ્પર્ધાત્મક પરીક્ષાથી પણ વંચિત રહે છે : નગરજનોને મદદરૂપ થવા અપીલ

ગાંધીનગર તા ૨૮

સમગ્ર રાજય અને શહેરમાં અભ્યાસ કરવા ઈચ્છતા દ્રષ્ટીહીન વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે શહેર વસાહત મહામંડળે નગરજનોને અપીલ કરી છે.આગામી બાર્ડ તેમજ કોલેજની અને સ્પર્ધાત્મક પરિક્ષામાં વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ મદદ કરવા માટે નગરજનોને આગળ આવવા મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગર સહીત રાજયના અન્ય શહેરોમાં દ્રષ્ટીહીન વિદ્યાર્થઓને અભ્યાસ કરવાની પ્રબળ ઈચ્છા હોય છે. પરંતુ આર્થિક જરૂરિયાત તેમજ શારિરીક મર્યાદાના લીધે પરિક્ષા આપવામાં પણ પારાવાર હાલાકીનો સામનો કરતા હોય છે. આવા વિદ્યાર્થીઓને શિક્ષણમાં રૂચિ હોવાછતા અભ્યાસથી વિમુખ થઈ જાય છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને નગરના સેવાભાવી અગ્રણી ગજેન્દ્રભાઈ ખારોડ અને તેમના પુત્ર પ્રકાશ ખારોડે આવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે મદદરૂપ થવા અપીલ કરી છે. આ પ્રકારના વિદ્યાર્થીઓન લખવા વાંચવાની સેવા પુરી પાડવા માટે પણ અપીલ કરવામાં આવી છે. આ માટે જરૂરિયાત મુજબ સેવા આપતા નાગરિકોએ પ્રકાશભાઈ ખારોડનો ફોન નં-૨૩૨૬૦૦૬૪, મોબાઈલ નં-૯૬૬૨૫૧૧૩૬૮૮ પર સંપર્ક કરવા જણાંવાયુ છે. બાર્ડ પરિક્ષામાં પણ વિદ્યાર્થીઓને લહીયા ન મળવાના લીધે પરિક્ષાર્થી કસોટીમાં હાજરી આપતા નથી. જેથી નાગરિકોને આ ઉમદા સેવાના કાર્યમાં સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી છે.

૩૦મીએ કોંગ્રેસની કારોબારી

ગાંધીનગર, તા.૨૮

વિશ્વ વિભૂતિ અને ભારતના રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીના ૭૦મા નિર્વાણ દિવસે પુષ્પાંજલી આપવાના કાર્યક્રમ સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક તા. ૩૦-૧-૨૦૧૭ સોમવાર, બપોરે ૨.૦૦ કલાકે, કોંગ્રેસ કાર્યાલય, પ્લોટ નં. ૩૧૫, સે-૨૨, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તેમજ પ્રદેશ ઝોન પ્રભારીશ્રી લાખાભાઈ ભરવાડ, જિલ્લા નિરીક્ષકો સર્વશ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી રમેશભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર છે.

જેમાં ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, જિ.પ. પ્રમુખ રામાજી ઠાકોર, જશુભા ઠાકોર, સુરેશભાઈ પટેલ સહિત જિલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો ઉપરાંત જિલ્લાના હોદેદારો, સંગઠનના પ્રમુખો, તાલુકા-જિલ્લા પંચાયત/નગરપાલિકાના નેતાઓ/ચેરમેનો/સદસ્યો અને વિવિધ પાંખ/સેલ/વિભાગના વડાઓ અને આમંત્રિત સદસ્યો ઉપસ્થિત રહેશે. સને ૨૦૧૭ની મળનાર પ્રથમ જિલ્લા કોંગ્રેસ કારોબારી બેઠકમાં નોટબંધી અને ભાજપ સરકારની પ્રજા વિરોધી નીતિઓ સામે વિધાનસભા બેઠકવાર જન વેદના પંચાયતો યોજવા, નવ નિર્વાચિત સરપંચો/ઉપસરપંચોનું સન્માન અને તાલીમ કાર્યક્રમ યોજવા સહિતના સંગઠન અને આગામી વિધાનસભાની ચૂટણી સંદર્ભે વિવિધ ઠરાવો પસાર કરાશે તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

ધમાસણા વિજય હનુમાન આશ્રમ ખાતે સમુહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

કલોલ તાલુકાના ધમાસણા ગામમાં સ્થિત વિજય હનુમાન આશ્રમ દ્વારા પ્રતિવર્ષ વિશિષ્ટ રીતે વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે તા. ૫ ફેબ્રુઆરીને રવિવારના રોજ સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં ૬ યુગલો જોડાશે. કન્યાદાન-મહાદાનના અભિગમ સાથે યોજાનારા આ સમૂહલગ્નમાં મહંત બૈદેહીસરણ આશિર્વચન આપશે. આ ઉપરાંત અન્ય સાધુ-સંતો પણ ઉપસ્થિત રહી નવયુગલોને આશિર્વાદ આપશે. સમૂહલગ્ન અન્વયે લગ્નગીતની રમઝટ પણ જામશે.

ચિલોડા ખાતે ગ્રામસભા યોજાઈ

ચિલોડા, તા.૨૮

તાલુકાના ચિલોડા સ્થિત ગ્રામ પંચાયતનાં હોલમાં ૬૮મા પ્રજાસત્તાક દિનની ઉજવણી બાદ મહિલા સરપંચ વસુમતીબેન પટેલના પ્રમુખસ્થાને ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આગામી ૧૭ વર્ષમાં મારા સ્વપ્નનું ભારત કેવું હશે. વર્ષ ૨૦૩૧નું વિઝન ડોકયુમેન્ટના અંતર્ગત શિક્ષણ, કૃષિ વિકાસ, રોજગારી, આરોગ્ય, શહેરીકરણને લગતા મહત્વના વિષય પર ભાર મુકયો હતો. આ ઉપરાંત ગ્રામ વિકાસને લગતાં રચનાત્મક કાર્યો અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. આ સભામાં ગ્રામ આરોગ્ય સમિતિ દ્વારા આરોગ્યમાં પોલિયો, રસીકરણની ચર્ચા કરવામાં આવી હતી. આ સભામાં લાયઝન અધિકારી, ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, પંચાયતના સભ્યો, આંગણવાડી બહેનો વગેરે ઉપસ્થિત રહી ગામને સ્પર્શતા પ્રશ્નો અને ઉકેલ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૪મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૨૮

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૪મો સમુહ લગ્નોત્સવ તા. ૫મી ફેબ્રુઆરી રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા રખિયાલ રોડ દહેગામ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં ૩૬ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. લગ્નવિધિ બાદ શ્રીમતી દિનાબેન કનુભાઈ પટેલ (મોન્ટોકાર્લો પ્રા.લી. અમદાવાદ ઈસનપુર મોટાવાળા)ના અધ્યક્ષસ્થાને યોજાશે. સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ અને જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં સત્કાર સમારંભ યોજાશે. સંસ્થાના પ્રમુખશ્રી નારણભાઈ શિવાભાઈ પ્રજાપતિએ નવદંપતિઓને આશીર્વાદ આપવા જણાવેલ છે.

જયોતિ મહીલા મંડળ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે સે-૨૮ વસંતકુંવરબા શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા દરમિયાન જ્યોતિ મહીલા મંડળના પ્રમુખ ચેતના બુચ, લતાબેન ચોકસી , વસંત કુંવરબા શાળાના આચાર્ય મૃદુલાબેન દેસાઈ, જયોત્સનાબેન મણિયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. જયારે નિર્ણયક તરીકે કીશોર જીકાદરા , પ્રતિભાબેન દવેએ સેવા આપી હતી. કાર્યક્રમનુ સંચાલન હીના શુક્લએ કર્યુ હતુ.

માનવ સેવા મંડળ દ્વારા ૧૨૦૦ ધાબળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૮

માનવ સેવા મંડળ, ગાંધીનગર દ્વારા મકરસંક્રાંતિ પર્વ પ્રસંગે તલની ચીકી કિલો-૫૦૦, એપલ બોર-૨૦૧ કિલો, નારંગી-૨૮૦ કિલો, શેરડી-૨૦૧ કિલો, પારલે-જી બિસ્કીટ-૧૦૦૮નું ક્રિષ્ના વૃદ્ધાશ્રમ, નારી કેન્દ્ર સેક્ટર-૧૨, સિવિલ હોસ્પિટલ, રીમાન્ડ હોમ, સેક્ટર-૧૩, વિશેષ બાળગૃહ સેક્ટર-૧૯, માનવ સ્મૃતિ (મંદ બુદ્ધિવાળા, સરગાસણ, કૈલાસ ધામ (વૃદ્ધાશ્રમ), પેથાપુર, ડભોડા ભિક્ષુકગૃહ, રહેલબા વૃદ્ધાશ્રમ-મગોડી અને ઝુંપડામાં વસતા ૫૦૦ બાળકોને વિતરણ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને દવા પણ લાવી આપવામાં આવી હતી. છેલ્લા પાંચ વર્ષથી ગરીબોને પગરખાં અને શિયાળામાં ૧૨૦૦ નંગ સોલાપુરી ચોરસાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

મંડળે એક વિશેષ સેવા છેલ્લા ત્રણ વર્ષથી દર પૂનમે અને અમાસના દિવસે ઉવારસદમાં આવેલ અંતેશ્વર મહાદેવમાં ગામના આગેવાનો સાથે મંડળ સહભાગી થઈ ગામના જરૂરિયાત ગરીબો, વિધવા, ત્યક્તા-પર બહેનોને અનાજ, ગોળ, તેલ, કરિયાણાનું વિતરણ કરવામાં આવે છે. તેમજ ગાયોને ઘાસ નિરવામાં આવે છે.

આ પ્રસંગે પારૂલબેન ઠક્કર, હર્ષિદાબેન સોલંકી, કિરીટસિંહ વાઘેલા, પ્રફુલભાઈ રાવલ, અશોકભાઈ ઠક્કર, આર.વી. માલવીયા, ડી.એસ. ઘોડાસરા હાજર રહ્યા હતા.

માનવ સેવા મંડળ દ્વારા દર માસના બીજા અને ચોથા રવિવારે સવારે ૮.૩૦ વાગ્યે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ ખોડિયાર માતાના મંદિર પાસે વહેંચણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. દાતાઓએ તેમના સ્વ-હસ્તે ગરીબ દર્દીઓની સેવા કરવાનો લાભ લેવા અનુરોધ મંડળ દ્વારા કરાયો છે.

આપ પાર્ટી દ્વારા ગુજરાત આઝાદી આંદોલનનો ૩૦મીથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

આપણુ ગુજરાત આજે વિકરાળ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની ભય અને ભ્રષ્ટાચારી ભાજપની સરકારની જાળમાંથી રાજયના તમામ નાગરિકોને છોડાવવા આગામી તા. ૩૦મી જાન્યુઆરીને ગાંધીજીના નિર્વાણ દિનથી 'આપ પાર્ટી' 'ગુજરાત આઝાદી આંદોલન'ના શ્રી ગણેશ કરી રહી છે. ૩૦મી જાન્યુઆરીના રોજ ૧૮૨ બેઠકો પર 'ગુજરાત આઝાદી સભા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીજીનું પ્રિય ભજન રઘુપતિ રાઘવ રાજા રામ.... સતત નાગરિકોના કાનમાં ગુંજતું રહેશે. આ પ્રસંગે રાજયના નાગરિકો પાસેથી સમસ્યાઓનું માંગ પત્ર તૈયાર કરવામાં આવશે. આ માંગ પત્રો માર્ચ માસમાં રાજયના મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવશે.

આગામી વિધાનસભાની ચુંટણીમાં ગુજરાતમાં પગ પેસારો કરવા આપ પાર્ટી થનગની રહી છે. માર્ચ મહિના સુધીમાં વિવિધ આંદોલન થકી રાજયના છેવાડાના માનવી સુધી આપ પાર્ટીના કાર્યકરો પહોંચે તેવું માઈક્રો આયોજન કરવામાં આવ્યું છે. આંદોલનનો મુખ્ય હેતુ અમિત શાહ ગેંગના ભય, ભ્રષ્ટાચાર, અન્યાય, શોષણ અને લુંટથી ગુજરાતના આમ આદમીને આઝાદ કરવાનો છે. આ આંદોલન થકી આમ આદમી પાર્ટી ભ્રષ્ટ સરકાર સામે રણશીંગું ફુંકશે. ત્યારે ૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિનથી શરુ થનાર ગુજરાત આઝાદી આંદોલન સત્ય અને અહીંસાના માર્ગે ગુજરાતમાં ચલાવવામાં આવશે.

પોલિયો રવિવાર

૨૯ જાન્યુઆરી ૨૦૧૭

બે ટીપાં જિંદગીના

રાજ્યવ્યાપી પોલિયો નાબૂદી અભિયાનનો

શ્રી વિજય રૂપાણી, માન. મુખ્યમંત્રીશ્રી તથા

શ્રી શંકરભાઇ ચૌધરી, માન. આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)

ના વરદ્‌હસ્તે ગાંધીનગર ખાતે શુભારંભ

આપના પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી દરેક વખતે જરૂર પીવડાવીએ

- શરદી, ખાંસી અથવા અન્ય માંદગી હોય તો પણ પોલિયોના બે ટીપાં પીવડાવી શકાય છે.
- આપના બાળકને આજે જ નજીકના પોલિયો બૂથ પર લઇ જઇ પોલિયોના બે ટીપાં પીવડાવી પોલિયોથી અપંગ થતું બચાવો

આવો, આપણે સૌ સાથે મળી સફળ બનાવીએ પોલિયો રસીકરણ અભિયાન

કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર